For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### યોગ્ય આયોજનના અભાવે ભારત-ન્યુઝિલેન્ડની મેચ નિહાળવા આવેલા અનેક પ્રેક્ષકો અટવાયા, બળાપો કાઢ્યો

# કરોડોના ખર્ચે બનેલા કોટંબી સ્ટેડિયમમાં મોબાઈલ નેટવર્કના ધાંધિયા

## સ્ટેડિયમમાં એન્ટ્રી પૂર્વે પાણીની બોટલો મુકાવી દેતા પ્રેક્ષકો બમણા રૂ.ખર્ચી પાણી લેવા મજબુર :અણઘડ વહિવટના કારણે ક્રિકેટ રસિકો પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે ભારત ન્યુઝીલેન્ડ વચ્ચેની પ્રથમ વનડે મેચ રમાઈ હતી. જેના કારણે નિર્માણ પામ્યા બાદ સર્વ પ્રથમ વખત સ્ટેડિયમ હાઉસ ફૂલ જોવા મળ્યું હતું. બીજી તરફ પ્રેક્ષકોને પોતાના વાહનો સ્ટેડિયમથી ઘણા દૂર મુકવા પડ્યા હતા. બપોરે દોઢ કલાકે મેચ શરૂ થઈ હતી. તે પહેલા અણગઢ આયોજનના પગલે અનેક પ્રેક્ષકો અટવાયા હતા. બીસીએના આયોજનમાં કેટલાક પ્રેક્ષકોએ ખામીઓ કાઢી નારાજગી પણ દર્શાવી હતી.


ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ત્રણ મેચની વનડે સીરિઝની પ્રથમ મેચ રવિવારે વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં રમાય હતી. ટોસ બાદ પહેલા બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે 50 ઓવરમાં 8 વિકેટના નુકસાન પર 300 રન બનાવ્યા હતા. પહેલા બેટિંગ કરવા માટે ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમની બેટિંગ આક્રામક જોવા મળી હતી. ડેરિલ મિચેલ 84 રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી. સર્વ પ્રથમ વખત મેન્સ વનડે મેચ રમાવાની હોય ક્રિકેટ પ્રેમીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જોકે,માલતુજાર બીસીએના આયોજકોના અણગઢ વહીવટને કારણે ટિકિટોમાં થયેલી કાળા બજારીને પગલે સ્થાનિક ક્રિકેટ પ્રેમીઓની આશા પર પાણી ફરી વળ્યું હતું અને સ્ટેડિયમમાં બેસી લાઈવ મેચ નિહાળવાની આશા અધૂરી રહી હતી. બીજી તરફ સ્ટેડિયમમાં પણ વહાલા દવલાની નીતિ જોવા મળી હતી. કેટલાક મહાનુભાવો પાસે ટીકીટ નહિ હોવા છતાં લાગવગથી સ્ટેડિયમમાં એન્ટ્રી કરી હતી.

સ્ટેડિયમમાં એન્ટ્રી માટે વિવિધ કેટેગરી બનાવાય હતી. જોકે કેટલાય સિનિયર સિટીઝન સહિતના પ્રેક્ષકોએ પોતાની જગ્યા સુધી પહોંચવા લાંબુ અંતર ચાલવાની ફરજ પડી હતી. 300 કરોડ ઉપરાંતના ખર્ચે બનાવેલા માત્ર 30 હજારની ક્ષમતા ધરાવતા કોટંબી સ્ટેડિયમમાં ટીકીટ નહિ મળવાને કારણે સ્થાનિક ક્રિકેટ પ્રેમીઓની બાદબાકી થતા બીસીએના વહીવટદારો સામે ફિટકારની લાગણી વરસાવી હતી. સ્ટેડિયમની આસપાસ આવેલા ખેતરો પાર્કિંગમાં પરિવર્તિત થઈ ગયા હતા.




### સ્ટેડિયમ બહાર પ્રતિબંધિત વસ્તુનો ખડકલો

ક્રિકેટ મેચ દરમિયાન સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત રાખવામાં આવી હતી સ્ટેડિયમમાં બેગ કોસ્મેટિક પર્ફ્યુમ બોડી સ્પ્રે રાષ્ટ્રધ્વજની કાઠીઓ પાણીની બોટલ ખોરાકની



વસ્તુઓ સહિતની ચીજ વસ્તુઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો આ નિયમના કારણે સ્ટેડિયમની બહાર ચાહકોના બેગ બોટલો અને અન્ય વસ્તુઓનો મોટો ખડકલો જોવા મળ્યો હતો હજારો લોકો પોતાની વસ્તુ બહાર છોડીને અંદર પ્રવેશ્યા હતા જેનાથી કેટલાક ચાહકોમાં નારાજગી પણ ફેલાઈ હતી પરંતુ સુરક્ષા કારણોસર ના નિયમોને પ્રેક્ષકોએ સ્વીકારવા પડ્યા હતા.



### વડોદરા-હાલોલ રોડ પર સંખ્યાબંધ વાહનચાલકો અટવાયા

વનડે ક્રિકેટ મેચને લઈ વડોદરા હાલોલ રોડ પર કલાકોનો ટ્રાફિક જામ થયો હતો. વીઆઇપીથી માંડી વીઆઈપી ગાડીઓનો કાફલો પસાર થતા પબ્લિકની સુરક્ષા અને સુચારુ રૂપે વાહનવ્યવહાર ચાલે તે માટે ખડેપગે તૈનાત પોલીસ પણ શોભાના ગાંઠિયા સમાન બની હતી. મેચને લઈ સર્વિસ રોડ બંધ કરી દેવાયા હતા. જેના કારણે મુખ્ય હાઈવેના માર્ગે સંખ્યાબંધ વાહનો પસાર થતા ટ્રાફિકજામને પગલે અનેક લોકો અટવાયા હતા. વળી કેટલાકેતો હાઈવેના રસ્તેથી સામાન્ય કટ મળતા પોતાના વાહનો સર્વિસ રોડ પર ઉતારી રમફાટ હંકાર્યા હતા. ભારે ટ્રાફિકજામને કારણે કેટલાક પ્રેક્ષકોને સ્ટેડિયમ સુધી પહોંચતા પહોચતા નાકે દમ આવી ગયો હતો.

### મને તો આમાં કોઈ ષડયંત્ર હોય તેવું લાગે છે

અમને ટિકિટો મળી નથી. આ આખી સિસ્ટમજ ખરાબ છે. બુક



માય શો પર માત્ર 5 મિનિટમાં જ બધી ટિકિટો બુક થઈ જાય છે. મને તો આમાં કોઈ ષડયંત્ર હોય તેવું લાગે છે. જ્યારે વડોદરાના લોકોને આટલું સરસ સ્ટેડિયમ મળ્યું છે, તો પછી આપણે અહીં મેચ કેમ ન જોઈ શકીએ ? વડોદરાવાસીઓનો પહેલો હક છે. અમદાવાદ કે અન્ય શહેરોથી આવતા લોકોને ટિકિટ મળી જાય છે, પરંતુ સ્થાનિક વડોદરાના ચાહકોને ટિકિટ મળતી નથી. હું પોતે તેનું ઉદાહરણ છું.

**- અવેશ શેખ,** પ્રેક્ષક



### સ્ટેડિયમ બહાર નકલી ટીકીટ મુદ્દે ભારે હોબાળો

કોટંબી સ્ટેડિયમ બહાર મેચ પૂર્વે ભારે હોબાળા સાથે માથાકૂટ થઈ હતી. સ્ટેડિયમ બહાર મેચની નકલી ટીકીટ વેચાતી હોવાના મુદ્દે બે જણા વચ્ચે ઘર્ષણ થયું હતું. જે વ્યક્તિ પર નકલી ટીકીટ વેચવાનો આરોપ લગાવાયો તેનું કહેવું હતું કે,તે તેના પરિવાર સાથે મેચ જોવા આવ્યો છે. બીજી તરફ આક્ષેપ લગાવનાર વ્યક્તિએ જણાવ્યું હતું કે, આ શખ્સ છ હજારમાં નકલી ટીકીટ વેચે છે અને આવી ટીકીટ લઈને જનારને એન્ટ્રી આપવામાં આવતી નથી. જોકે, આક્ષેપ પ્રતિઆક્ષેપ વચ્ચે મામલો વધુ ગરમાયો હતો. કથિત ટીકીટ વેચનારે માથાકૂટ દરમિયાન કથિત ટિકિટ વેચનારે પાંચ ટિકિટ હોવાની કરી હતી. ત્યારબાદ આક્ષેપ લગાવનાર વ્યક્તિ પર પાંચ ટિકિટ લઈ લીધી હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. આ રીતે મેચ પહેલા જ ટિકિટને લઈને ભારે માથાકૂટ અને જોવા મળ્યો હતો. પોલીસે બંનેને સમજાવીને રવાના કર્યા હતા.

# ભારત ન્યૂઝીલેન્ડ મેચ ટિકિટોની કાળાબજારી અંતે ઝડપાઈ

**ભારત**-ન્યૂઝીલેન્ડ વનડે મેચની ટિકિટ પાંચ ગણા ભાવે વેચતા બે શખ્સ ઝડપાયા

(પ્રતિનિધઈ) વડોદરા | તા. 11

વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે આજે 11 જાન્યુઆરીના રોજ રમાનારી ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચેની આંતરરાષ્ટ્રીય વનડે મેચને લઈ ટિકિટોની કાળાબજારી સામે ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરી છે. મેચની મૂળ કિંમત કરતાં પાંચ ગણા ભાવે ટિકિટો વેચતા બે કાળા બજારીઓને ભાંડવાડા નાકા પાસેથી ટિકિટો સાથે ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા કુલ 17 ટિકિટ, જેની કિંમત રૂ.31,000 થાય છે, તે કબ્જે કરવામાં આવી છે.

પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર, અધિક પોલીસ કમિશનર ડૉ. લીના પાટીલ અને ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી હિમાંશુ કુમારની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચની ટીમો દ્વારા ટિકિટોની કાળાબજારી રોકવા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન બાતમી મળી હતી કે ભાંડવાડા નાકા સેલ પેટ્રોલપંપ પાસે બે શખ્સો જાહેરમાં ઊભા રહી કોટંબી સ્ટેડિયમની વનડે મેચની ટિકિટો ઉંચા ભાવે વેચી રહ્યા છે. જેના આધારે ટીમે તાત્કાલિક રેડ કરી કેતનકુમાર શાંતીલાલ પટેલ (રહે. નાની કાછીયાવાડ, છાણી) અને હિતેશકુમાર મુળશંકર જોષી (રહે. શ્રીધર સોસાયટી, નિઝામપુરા)ને ઝડપી પાડ્યા હતા.

તલાશ દરમિયાન કેતનકુમાર પટેલ પાસેથી લેવલ-1ની રૂ.2000ની 8 ટિકિટ અને લેવલ-2ની રૂ.2000ની 4 ટિકિટ મળી કુલ 12 ટિકિટ રૂ.24,000ની મળી આવી. જ્યારે હિતેશકુમાર જોષી પાસેથી લેવલ-2ની રૂ.2000ની 2 અને લેવલ-3ની રૂ.1000ની 3 ટિકિટ મળી કુલ 5 ટિકિટ રૂ.7,000ની મળી આવી. બંને પાસે ટિકિટ વેચાણ માટે કોઈ પરમિટ ન હોવાથી પોલીસે કુલ 17 ટિકિટ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ટિકિટ ક્યાંથી મેળવાઈ તેની તપાસ કરવામાં આવી રહી છે.




### ડોક્ટરોની ગેરહાજરી અને તંત્રની બેદરકારીના ગંભીર આક્ષેપો

# ગોત્રી હોસ્પિટલમાં વેન્ટિલેટર અને સારવારના અભાવે દર્દીનું મોત: પરિવારનો ભારે હોબાળો

**'આ સરકારી** હોસ્પિટલ નથી, મોતનો કૂવો છે', રોષે ભરાયેલા સ્વજનોની પ્રતિક્રિયા

(પ્રતિનિધિ) વડોદરા તા.11

ઉંડેરા ગામના એક પેશન્ટને ખેંચ આવવાની ફરિયાદ સાથે ગોત્રી હોસ્પિટલના પાંચમા માળે દાખલ કરવામાં આવ્યા હતા. પરિવારના જણાવ્યા અનુસાર, દર્દી ચાલીને હોસ્પિટલ આવ્યા હતા. સવારે 10:30 વાગ્યે દાખલ કર્યા બાદ માત્ર ઈસીજી અને એક્સ-રે જેવી પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ લાંબા સમય સુધી કોઈ સિનિયર ડોક્ટર તપાસ માટે આવ્યા નહોતા. જ્યારે દર્દીની હાલત લથડી અને ખેંચ વધી, ત્યારે તેમને આઈસીયુ અથવા વેન્ટિલેટરની જરૂર હતી, પરંતુ હોસ્પિટલ તંત્ર દ્વારા સુવિધા ઉપલબ્ધ ન હોવાનું



જણાવી દેવાયું હતું.

મૃતકના પુત્ર અને અન્ય સગાઓએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અમે વારંવાર ડોક્ટરને બોલાવવા ગયા પણ કોઈ હાજર નહોતું. નર્સિંગ સ્ટાફને પણ કશી ખબર પડતી નહોતી. જો હોસ્પિટલમાં આઈસીયુ ફૂલ હતું, તો અમને વહેલા જાણ કેમ ન કરી? જો અમને ખબર હોત તો અમે બીજી હોસ્પિટલમાં લઈ ગયા હોત. ડોક્ટરો માત્ર પગાર લેવામાં મસ્ત છે અને ગરીબ દર્દીઓ ભગવાન ભરોસે છે."

આ મામલે હોસ્પિટલના ડોક્ટરે જણાવ્યું હતું કે, દર્દીને લિવરની સમસ્યા અને ખેંચની તકલીફ હતી. તેમની હાલત ગંભીર થતા આઈસીયુમાં ખસેડવાનો પ્રયત્ન કરાયો હતો, પરંતુ આઈસીયુ બેડ ફૂલ હોવાથી જગ્યા મળી શકી નહોતી. તેમણે સ્વીકાર્યું હતું કે સરકારી હોસ્પિટલોમાં બેડની અછત એ સાર્વત્રિક પ્રશ્ન છે. પરિવારના આક્ષેપો અંગે તેમણે સીસીટીવી ફૂટેજ તપાસવાની ખાતરી આપી છે.

ઘટના સ્થળે પહોંચેલા સામાજિક કાર્યકરોએ હોસ્પિટલની વ્યવસ્થા સામે વેધક સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું કે, "રાજ્ય સરકાર આરોગ્ય પાછળ કરોડોની ગ્રાન્ટ ફાળવે છે, તો પછી વેન્ટિલેટર જેવી પાયાની સુવિધા કેમ નથી? મંત્રીઓના પરિવાર માટે મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલો છે, જ્યારે ગરીબો માટે આ ગોત્રી હોસ્પિટલ 'મોતનો કૂવો' બની ગઈ છે." આ ઘટનાને પગલે હોસ્પિટલમાં વાતાવરણ તંગ બની ગયું હતું. લોકોમાં એવી ચર્ચા છે કે જો આવી જ પરિસ્થિતિ રહી તો સામાન્ય માણસ સરકારી હોસ્પિટલમાં જવાની હિંમત કેવી રીતે કરશે?

# યુવક પાસેથી 3.75 લાખ પડાવનાર લૂંટેરી દુલ્હન ગેંગનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

સુરેન્દ્રનગર જિલ્લાના યુવકને લગ્નની લાલચ આપી રૂ.3.75 લાખની છેતરપીંડી કરનાર લૂંટેરી દુલ્હન ગેંગના મુખ્ય સૂત્રધારને મકરપુરા પોલીસે ઝડપી પાડ્યો છે. અગાઉ બે ઝડપાયા હતા જ્યારે લુટેરી દુલ્હન સહિત ત્રણ આરોપી વોન્ટેડ છે.

તરસાલી ખાતે રહેતી સોનાલીબેનના સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકામાં આવેલા ગામે રહેતા તારાબેન ભલગામાના દિકરા લાલજીભાઈ મનસુખભાઈ ભલગામા સાથે લગ્ન કરાવી નોટરાઈઝ સોગંદનામુ તથા લગ્ન સબંધી સમજુતી કરાર કરાવી રાજેશગીરી ગોસ્વામી, હેમંત રાજગીરી ગોસ્વામી મહેંદ્રભાઈ પ્રજાપતિ, નાજીર તથા શરીફાબેન બચુભાઈ મુસ્લીમ તથા તોસીફ બચુભાઈ મુસ્લીમ દ્વારા તેમની પાસેથી રોકડા તથા ઓનલાઈન મળી કુલ્લે રૂપીયા 3.28 લાખ,સોના ચાંદીના દાગીના રૂપીયા 32 હજાર તથા મોબાઈલ ફોન રૂપીયા 15 હજાર તમામ મળી રૂપીયા 3.75 લાખ પડાવી લીધા હતાં. પરંતુ લગ્ન બાદ આરોપીઓએ સાસરીમાંથી એકવાર પિયરમાં સોનાલીને તેડી લાવ્યા હતા.

દુલ્હન પણ સાસરીમાંથી દાગીના સહિતની રોકડ લઈ આવી ગઈ હતી. જેના કારણે દુલ્હન સોનાલીને પરત સાસરીમાં પરત નહી મોકલી યુવક તથા મહિલા સાથે ઠગાઈ આચરવામાં આવી હતી. જેની મકરપુરા પોલીસ સ્ટેશનમાં સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મકરપુરા પોલીસે અલગ અલગ ટીમો બનાવી હ્યુમન સોર્સ તથા ટેકનિકલ સોર્સ આધારે તપાસ કરી લગ્નની લાલચ આપી છેતરપીંડી કરનાર (લુટેરી દુલ્હનના) મુખ્ય સુત્રધાર મહેન્દ્ર મોહન ઉર્ફે મોહનલાલ અંબાલાલ પ્રજાપતિ (રહે.ગોરાદ ગામ, પ્રજાપતિવાસ પો.સ્ટ. ગોરાડ તા-જી.મહેસાણા)ને ઝડપી પાડ્યો હતો.અગાઉ તોસીફભાઈ બચુભાઈ સંધી તથા સરીફાબેન બચુભાઈ સંધી ઝડપાયા હતા. જ્યારે લૂંટેરી દુલ્હન સોનાલીબેન નિલેશ શ્રીવાસ્તવ તથા હેમંતભાઈ ઉર્ફે ભયલુ બારોટ તથા નજીરભાઈ વોન્ટેડ જાહેર કર્યા છે.

### છેલ્લા છ મહિનાથી પાણીની વિકટ સમસ્યાથી લોકો વિફર્યા

# કારેલીબાગની બે સોસાયટીના રહીશો રસ્તા પર ઉતર્યા, માટલા ફોડી ઉગ્ર વિરોધ

**આમ્રપાલી** અને દીપાવલી સોસાયટીના રહીશો દ્વારા સમસ્યા નહીં ઉકેલાય તો આશ્ચર્યજનક કાર્યક્રમ કરવા તંત્રને ચેતવણી



(પ્રતિનિધિ) વડોદરા,તા.11

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલી આમ્રપાલી અને દીપાવલી સોસાયટીમાં છેલ્લા છ મહિનાથી પાણીનો વિકટ પ્રશ્ન ઉભો થયો છે. વારંવારની રજૂઆત છતાં પણ કોઈ નક્કર પગલા લેવામાં નહીં આવતા સોસાયટીના રહીશો એકત્ર થઈને આજે માટલા ફોડી તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો.

સ્માર્ટ સિટી વડોદરા શહેરમાં નવા વર્ષના પ્રારંભે શરૂ થયેલો પાણીનો કકળાટ આજે પણ યથાવત જોવા મળી રહ્યો છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી દરરોજ પીવાના પાણીની બુમરાણો પડી રહી છે. તેવામાં આજે શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલી આમ્રપાલી અને દિપાવલી સોસાયટીના રહીશો રસ્તા પર ઉતર્યા હતા. વિસ્તારના લોકોએ આક્ષેપ કર્યો છે કે, છેલ્લા છ મહિનાથી તેમના મકાનોમાં પીવાનું પાણી આવતું નથી. સ્થાનિક કોર્પોરેટરોને, વોર્ડ કચેરીમાં અનેક વખત રજૂઆત કરવામાં આવી અધિકારીઓ આવે છે અને માત્ર ફોટો અને વિડીયો ઉતારીને જતા રહે છે. પરંતુ, આજ દિન સુધી કોઈ ચોક્કસ નિરાકરણ આવ્યું નથી. 500 રૂપિયાની ટેન્કર મંગાવી એ પરવડે તેમ નથી.

બે સોસાયટીના 100 ઉપરાંત પરિવારને મુશ્કેલી પડી રહી છે. નાછૂટકે રહીશોએ એકત્ર થઈ પ્લે કાર્ડ સાથે સૂત્રોચાર સાથે માટલા ફોડી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. અને જો હજી પણ સમસ્યાનું નિરાકરણ કરવામાં નહિ આવે તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત સાથે આશ્ચર્યજનક કાર્યક્રમ કરવા તંત્રને ચેતવણી પણ વિસ્તારના લોકોએ આપી હતી.

### વૃદ્ધને બે મહિના સુધી રૂ.13 હજાર ભાડુ આપ્યા બાદ આપવાનુ બંધ કરી દીધુ

# ગોરવાની ઓફિસ ગીરવી મુકવાનું કહી વૃદ્ધ સહિત 4 લોકો પાસેથી મહિલાએ રૂ.8.75 લાખ પડાવ્યાં

**વારંવાર** રૂપિયા માંગતા મહિલાએ વૃદ્ધને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.11

કરોડિયા રોડ પર આવેલી સોસાયટીમાં રહેતા વૃદ્ધ સહિતના ચાર લોકો પાસે ઓફિસ ગીરવી મુકવાનું કહીને ઠગ મહિલા રૂ. 8.75 લાખ રૂપિયા પડાવી લીધા હતા. વૃદ્ધને ઓફિસ ગીરવી આપવા સાથે તેનું ભાડુ રૂ.13 હજાર મહિને આપવાનું કહ્યું હતું. બે મહિના સુધી નિયમિત આપ્યા બાદ ભાડુ આપવાનું બંધ કરી દીધુ હતું. જેથી વૃદ્ધે મહિલા વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

વડોદરા શહેરના કરોડીયા રોડ પર આવેલી શબનમ પાર્ક સોસાયટીમાં રહેતા ઉસ્માનખાનજી યાવરખાનજી અફઘાન નિવૃત જીવન ગુજારે છે. તેઓએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે અમારા પડોશી સલ્માબેન બ્રોકરીંગ તરીકેનો ધંધો કરે છે. તેઓએ મને જાન્યુઆરી 2025માં જણાવ્યુ હતું કે તેઓના ઓળખીતા અનુજાબેન છત્રસિંહ રાઠોડના માલીકીની ઓફિસ ગોરવામાં આવેલી સુકુન હાઈટસ બિલ્ડિંગમાં પહેલો માળ પર આવેલી છે. જે મિલ્કત તેઓને રૂ. 3 લાખમાં ગીરવી આપવાની છે અને ઓફીસ ભાડેથી આપેલી જેનું ભાડુ રૂ.13 હજાર મને આપશે તેમ જણાવ્યું હતું. જેથી મને અનુજાબેન છત્રસિંહ રાઠોડ પર વિશ્વાસ આવી ગયો હતો. જેથી મે મહિલાને રૂ.1.50 લાખ રોકડા તથા રૂ.1.50 લાખ ચેકથી આપ્યાં હતા. અનુજાબેન રાઠોડે મને 3 જાન્યુઆરીના રોજ ગીરો કરાર પણ કરી આપ્યો હતો. અનુજાબેન રાઠોડે મને શરૂઆતના બે મહિના સુધી રૂ.13 હજાર ભાડુ નિયમિત આપ્યું હતું પણ ત્યારબાદ તેઓએ મને ભાડાની રકમ આપવાનું બંધ કરી દીધી હતી. જેથી મે તેઓને અવાર નવાર ભાડાની રકમ માંગણી કરતા તેઓ ગલ્લા તલ્લા કરતા હતા. જેથી મેં તેઓને આપેલા રૂ. 3 લાખની માંગણી કરતા તે નાણા પણ મને પરત આપતા ન હતા. જેથી મે દુકાને જઈ તપાસ કરતા મહિલાએ મારી સિવાય અન્ય લોકોને પણ આ દુકાન પર ગીરો કરાર કરી આપી તેઓની પાસેથી પણ નાણા પડાવ્યાં હતા.જેથી મે મહિલા પાસે નાણાની માંગણી કરતા તેઓએ મને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા હતા. મહિલાએ નાણા પરત ન આપી મારી સાથે છેતરપિંડી આચરી છે. ઉપરાંત અનુજાબેન છત્રસિંહ રાઠોડે અન્ય ગ્રાહક શબાનાબાનુ સલીમ કાઝી પાસેથી રૂ.2.25 લાખ, ઉદયકુમાર જસુભા રાણા પાસેથી રૂ.1.50 લાખ, જહીરહુસેન સીકંદરભાઈ રાઠોડ પાસેથી રૂ. 2 લાખ પડાવ્યાં હતા. આમ ચાર લોકો પાસે ઓફિસ ગીરવી મુકવાનું કહીને રૂ. 8.75 લાખની પડાવી ઠગાઈ આચરી હતી. ગોરવા પોલીસે મહિલાને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

# 12.4 ડીગ્રી તાપમાન સાથે કોલ્ડેસ્ટ સનડે : લોકો ઠૂંઠવાયા

**સવારે** હવામાં ભેજનું પ્રમાણ 85 અને સાંજે 47 ટકા નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

વડોદરા શહેરમાં શિયાળો જામી ચૂક્યો છે. કેટલાય દિવસથી લઘુત્તમ પારો 13 ડિગ્રી સુધી પહોંચી જતા ફૂલ ગુલાબી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે ત્યારે, રવિવારે લઘુતમ તાપમાન 12.4 ડિગ્રી નોંધાયું હતું. આગામી દિવસોમાં ઠંડીનો પ્રકોપ વધુ તીવ્ર બને તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

વડોદરા શહેરમાં ઠંડીએ જમાવટ કરી છે જેને પગલે સવારે અને રાત્રિના સમયે બહાર નીકળનારા લોકોની સંખ્યા હવે ઘટી છે. રવિવારે શહેરનું મહત્તમ તાપમાન 28.8 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 12.4 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 85 ટકા અને સાંજે 47 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે,



હાલમાં ઉત્તર-પૂર્વીય ઠંડા પવનો સીધા ફૂંકાઈ રહ્યા હોવાથી ઠંડીનું જોર વધ્યું છે અને સમગ્ર રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી તીવ્ર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. ઉત્તર-પૂર્વીય ઠંડા પવનો ફૂંકાવાને કારણે લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, તેથી વહેલી સવારે અને મોડી રાત્રે જનજીવન પ્રભાવિત થયું છે. ઠંડા પવનોને કારણે શહેરમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. જેથી હવે લોકો તાપણાના સહારે જોવા મળી રહ્યા છે. વહેલી સવારે કેટલાક લારી ગલ્લાઓ સહિતના વ્યાપારની આસપાસ તાપણા કરી ઠંડીથી રક્ષણ મેળવી રહ્યા છે. જ્યારે રાત્રી દરમિયાન હવે શહેરના રાજમાર્ગો સુમસાન ભાસી રહ્યા છે.

### ફતેગંજ વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાંથી લાશ મળી હતી

# MSUમાં પીએચડી કરતા અફઘાન યુવકનો ફતેગંજના રૂમમાંથી મૃતદેહ મળતા ચકચાર

**યુવકને** હાર્ટ એટેક આવતા મોત થયા હોવાનું પીએમ રિપોર્ટમાં ખુલ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા. 11

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાંથી વિદેશી વિદ્યાર્થીનો મૃતદેહ મળી આવતા શહેરમાં ચકચાર મચી ગઈ છે. મૃતક 34 વર્ષીય યુવક અફઘાનિસ્તાનનો નાગરિક હતો અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ. એસ. યુનિવર્સિટી)માં આર્કિટેક્ચર વિભાગમાં પીએચડીનો અભ્યાસ કરતો હતો. શનિવારે રાત્રિના સમયે યુવકનો મૃતદેહ તેના જ રૂમમાંથી મળી આવતા પોલીસ તંત્ર દોડતું થયું હતું. જોકે પીએમ રિપોર્ટમાં અફઘાની યુવકનું હાર્ટ એટેકથી મોત થયો હોવાનું ખુલવા પામ્યું છે.



પ્રાપ્ત માહિતી મુજબ, આ વિદેશી વિદ્યાર્થી ફતેગંજ વિસ્તારમાં ભાડાના એપાર્ટમેન્ટમાં એકલો રહેતો હતો. 10 જાન્યુઆરીની રાત્રે તેના રૂમમાંથી કોઈ હરકત ન જણાતાં શંકા ઉઠી હતી. ત્યારબાદ રૂમ તપાસતા યુવક મૃત હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં સયાજીગંજ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને હાર્ટ એટેકથી મોત થયા હોવાનો રિપોર્ટમાં ખુલવા પામ્યું છે.

પોલીસ દ્વારા પ્રાથમિક તબક્કે આ મામલાને આપઘાતની દિશામાં જોવામાં આવી રહ્યો હતો. યુવક ડિપ્રેશન કે ટેન્શન હોવાથી હાર્ટએટેક આવ્યો છે કે પછી કોઈ અન્ય ઘટના બની છે કે કેમ-તે બાબતે કોઈ નિષ્કર્ષ હજુ આવ્યો નથી. પીએમ રિપોર્ટ આવતા પોલીસે હાશકારો લીધો છે.

પોલીસ દ્વારા મૃતકના મોબાઈલ ફોનની તપાસ હાથ ધરવામાં આવી છે, જેથી કોઈ માનસિક તણાવ, સંપર્કો અથવા અંતિમ સંદેશાઓ અંગે માહિતી મળી શકે. ઉપરાંત એપાર્ટમેન્ટમાં રહેતા અન્ય રહેવાસીઓ અને ઓળખીતાઓની પણ પૂછપરછ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે એમ.એસ. યુનિવર્સિટીમાં વિવિધ દેશોના અનેક વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આવા સંજોગોમાં એક વિદેશી વિદ્યાર્થીનું હાર્ટએટેકથી થયેલા મોત યુનિવર્સિટી તેમજ શહેર માટે ગંભીર ચિંતા અને ચર્ચાનો વિષય બન્યો છે.